# Thank you all ! Hats of to you !

## અવસર ૨૦૨૦ ! આજનો છેલ્લો સંવાદ

### આભાર અને અભિનંદન... આપ સૌને...

વહાલા વાલી અને વિદ્યાર્થી મિત્રો,

આજે અવસર ૨૦૨૦ની પચાસ દિવસની યાત્રાનો અંતિમ દિવસ છે. અમને આ યાત્રા ખુબજ સંતોષજનક અને આનંદ આપનારી લાગી છે. મોટાભાગના વિદ્યાર્થીઓએ અવસર ૨૦૨૦ના ટાસ્ક કરવા માટે પ્રમાણિક પ્રયત્નો કરેલ છે એનો સવિશેષ આનંદ છે. વાલી મિત્રોના પ્રોત્સાહનથી આ કાર્યને ખાસ બળ મળ્યું છે.

લોકડાઉનના આ કઠિન સમયને આપણે સકારાત્મક રીતે પસાર કરી શક્યા છીયે. અને અવસર ૨૦૨૦ના ઉદેશોને ફળીભૂત કરી શક્યા છીયે. અઠવાડિયાના સાત દિવસ અને દરોરોજના ૪ સ્લોટ એમ ટોટલ ૨૮ વિવિધ પ્રવૃતિઓ દર અઠવાડિયે શક્ય બની છે. અને પચાસ દિવસમાં ૨૦૦થી વધારે અલગ-અલગ સર્જનાત્મક પ્રવૃતિઓ શક્ય બની છે. આ મહાઅભિયાનમાં જે સૌ તજજ્ઞ મિત્રો, YouTUBE ના વિડિયો અને અન્ય સંસ્થાઓએ કરેલા કામોનો આપણને ખૂબ લાભ મળ્યો છે, તે સૌનો આજે આપણે સૌ જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. અવસર ૨૦૨૦ આ બધાનું સહિયારુ સર્જન છે. અને એટલેજ ગુજરાત અને ભારતમાં ઘણા બધા વિદ્યાર્થીઓએ લાભ મળી શક્યો છે.

આ અભિયાનમાં ક્યારેક કેટલાક કામોમાં વિદ્યાર્થિઓની ઉમર પ્રમાણેના વધારે વિશિષ્ટ ટાસ્ક બનાવી શક્યા નહીં તેનો અને કેટલાક ટાસ્ક અંગ્રેજી ભાષામાં આપી ન શક્યા તેનો રંજ જરૂર છે. જેના લીધે ગુજરાત રાજ્ય બહારના વિદ્યાર્થીઓને પણ તકલીફ પડી હતી.

આપત્તિને અવસરમાં ફેરવવાના આ પ્રયોગ "અવસર – ૨૦૨૦ : વેકેશન સોશિયલ હોમવર્ક"માં આપ સૌના સાથ-સહકાર બદલ દિલથી આભાર માનીએ છીયે.

પ્રોફ. જીતેન્દ્ર પટેલ | ડો. યોગેશ પટેલ | હર્ષદ પટેલ
યુનિક-યુ સ્કૂલ, ઈડર

રવિવાર, ૩૧મે, ૨૦૨૦